# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 19-07-2025 Day: Saturday Evening : 6.25 to 6.30 pm**

આકાશવાણી ભુજ સમાચાર **પરેશ મારૂ** વાંચે છે.

---

## કચ્છમાં વરસાદ

કચ્છમાં છેલ્લા એક સપ્તાહ કરતાં વધુ સમયથી વરાપના માહોલ બાદ આજે જિલ્લામાં મેઘરાજાએ હાજરી પુરાવી છે. આજે વહેલી સવારથી જિલ્લામાં વરસાદનું આગમન થયું હતું અને દિવસ દરમિયાન વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. જિલ્લાના દસે દસ તાલુકામાં આજે ઝાપટાથી લઇને ધોધમાર સ્વરૂપે વરસાદ વરસ્યો હતો.

ભુજ તાલુકાના માધાપર, ભુજોડી, કુકમા, મીરજાપર, સુખપર, માનકુવા, સામત્રા, લોરિયા, ઝુરા, સુમરાસર, ઢોરી સહિતના આહીરપટ્ટીના ગામોમાં વરસાદ પડ્યો છે. તો અંજાર પંથકના સાપેડા ટપ્પર, સતાપર, આંબાપર, લાખાપર સહિતના ગ્રામીણ વિસ્તારોમાં વરસાદે હાજરી પુરાવી હતી. વાગડ વિસ્તારના ભચાઉ અને રાપર પંથકમાં પણ દિવસ દરમિયાન ઝરમર સ્વરૂપે વરસાદ પડ્યો હતો.

નખત્રાણા, અબડાસા અને લખપત તાલુકામાં આજે વરસાદનું આગમન થતા ખેડૂતો ખુખુશાલ થઇ ગયા હતા. ધીમીધારનો વરસાદ ઉભા પાક માટે કાચું સોનુ હોવાનું ખેડૂતોએ જણાવ્યૂ હતું.

જિલ્લા કન્ટ્રોલરૂમમાંથી મળતી વિગત અનુસાર આજે સવારે 6 વાગ્યાથી સાંજે 6 વાગ્યા સુધીમાં રાપર તાલુકામાં 6 મિલીમટર, ભચાઉમાં 11, અંજારમાં 23, ભુજમાં 14, નખત્રાણામાં 6, અબડાસામાં 16, માંડવીમાં 10, મુન્દ્રામાં 13 મિલીમીટર વરસાદ નોંધાયો છે. જિલ્લામાં સૌથી વધુ લખપત તાલુકામાં 24 મિલીમીટર અને સૌથી ઓછો ગાંધીધામ તાલુકામાં 4 મિલીમીટર વરસાદ નોંધાયો છે. કચ્છમાં સીઝનનો અત્યાર સુધી સરેરાશ વરસાદ 295 મિલીમીટર એટલે કે 11.6 ઇંચ પડ્યો છે. કચ્છમાં આજે ઓરેન્જ એલર્ટ અને આવતીકાલે યલો એલર્ટ હવામાન

વિભાગ દ્વારા જારી કરવામાં આવ્યું છે. દરમિયાન માછીમારોને 22 જુલાઈ સુધી દરિયો ન ખેડવા સૂચના અપાઈ છે.

ચોમાસાની કોઇપણ સંભવિત કટોકટીની પરિસ્થિતિને પહોંચી વળવા માટે આગોતરા આયોજનના ભાગરૂપે રાજ્ય સરકાર દ્વારા NDRFની ૧૨ ટુકડીઓ અને SDRFની ૨૦ ટુકડીઓ વિવિધ જિલ્લામાં ડીપ્લોય કરવામાં આવી છે. જ્યારે NDRFની 3 ટુકડીઓને રીઝર્વ રાખવામાં આવી છે.

---------------------------------------------------------------------------------------

## સંકલન સમિતિ બેઠક

જિલ્લા સેવા સદન ખાતે આજરોજ કચ્છ કલેકટર આનંદ પટેલના અધ્યક્ષસ્થાને જિલ્લા સંકલન સમિતિની બેઠક મળી હતી. જેમાં કચ્છના હાલે પ્રગતિમાં કામો અને આગામી આયોજન અંગે પરમાર્શ કરાયો હતો. ચૂંટાયેલા જન પ્રતિનિધિઓ દ્વારા વિવિધ પ્રશ્નો અને સૂચનો રજૂ કરવામાં આવ્યા હતા. વરસાદી સિઝનને ધ્યાને લઇ રોડ-રસતા, સ્વચ્છતા સહિતની બાબતોની ચર્ચા થઇ હતી.

---------------------------------------------------------------------------------------

## બાસ્કેટ બોલ ચેમ્પિયનશિપ

ગુજરાત રાજ્ય કક્ષાની જુનિયર બાસ્કેટબોલ ચેમ્પિયનશિપનો ભુજ નજીકનાં સૂર્યા વરસાણી સંકુલ ખાતે ગઇકાલથી પ્રારંભ થયો છે. ગુજરાત રાજ્ય બાસ્કેટબોલ એસોસિયેશન દ્વારા આયોજિત અને પશ્ચિમ કચ્છ પોલીસ વિભાગના સહકારથી શરૂ થયેલી આ ટૂર્નામેન્ટમાં ભાઇઓની 16 તથા બહેનોની 10 ટીમ ભાગ લઇ રહી છે. ઉદઘાટન સમારંભમાં ઉપસ્થિત રહેલા મહાનુભાવોએ ખેલાડીઓને પ્રોત્સાહિત કર્યા હતા.

---------------------------------------------------------------------------------------

## લખપત તાલુકામાં ખાતમુહૂર્ત

લખપત તાલુકાની જૂની સારણ ખાતે પ્રાથમિક શાળાના ચાર રૂમ સાથે બેખડા-ચામરા તેમજ બિટીયારી ગામ નજીક પુલ, સુજાવાંઢથી સુખપર માર્ગનું લોકાર્પણ તેમજ અલગ અલગ જગ્યાએ ખાતમુહૂર્ત કરાયું હતું.

સારણ પ્રાથમિક શાળા ખાતે 223 લાખના ખર્ચે નિર્માણ પામનાર ચાર રૂમ, બેખડાથી ચામરા માર્ગે 60 લાખના ખર્ચે બનનાર પુલ તેમજ બીટીયારી ગામ નજીક આવેલી નદી પર 75 લાખના ખર્ચે નિર્માણ પામનારા પુલના ખાતમુહૂર્ત સાથે 75 લાખના ખર્ચે સુજાવાંઢથી સુખપર સુધી બનેલા ડામર માર્ગનું ધારાસભ્ય પ્રદ્યુમનસિંહ જાડેજા દ્વારા લોકાર્પણ કરાયૂં હતું.

---------------------------------------------------------------------------------

## અંજાર : હિંડોળા દર્શન

અંજારના નૂતન સ્વામિનારાયણ મંદિર ખાતે આવતીકાલથી  આસ્થાળુઓ માટે હિંડોળા દર્શન ખુલ્લા મુકાશે. સાંજે 4થી 6 વિવિધ કલાઓ સાથે બનેલા `શ્રીહરિ લીલા હિંડોળા દર્શન'નો ઉદ્ઘાટન કાર્યક્રમ યોજાશે, જેમાં મુખ્ય આકર્ષણમાં બ્રહ્માંડદર્શન, ઓપરેશન સિંદૂર દર્શન, શિક્ષાપત્રી ભવન, બદ્રીનાથ દર્શન, વિશેષ ઝૂલા દર્શન અને કમળ દર્શન યોજાશે.

---------------------------------------------------------------------------------

## વાહકજન્ય રોગ સામે ઝુંબેશ

મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી, જિલ્લા મેલેરિયા, એપિડેમિક અધિકારીની સુચનાથી જિલ્લામાં વાહકજન્ય રોગો ન ફેલાય તે માટે આગમચેતીના પગલારૂપે ઘરોઘર આઇઆરએસ દવાનો છંટકાવ કરવામા આવી રહ્યો છે. પાણીજન્ય રોગો ન ફેલાય તે માટેના ઉપાયો, સ્વચ્છતા, મચ્છરનું જીવનચક્ર, મચ્છરજન્ય રોગોથી બચાવના ઉપાયો, 100 દિવસ ટીબી કેમ્પેન, ઘરોઘર સર્વે, પીએમજેવાય, આયુષ્યમાન કાર્ડ વિગેરે વિશે તાલુકા કક્ષાએ લોકોને જાણકારી આપવામાં આવી રહી છે.

---------------------------------------------------------------------------------

# ઇ-ચલણ એપ

હાલમાં વોટસએપમાં આરટીઓ ઇ-ચલણની એપ્લીકેશન મોકલાવી ઠગાઇના બનાવો વધી રહ્યા છે ત્યારે સ્ટેટ સાઇબર ક્રાઇમ દ્વારા લોકોને આવી એપ ડાઉનલોડ ન કરવા જણાવાયું છે. થોડા દિવસો પહેલા ગાંધીધામમાં આ પ્રમાણે યુવાને વોટસએપમાં આવેલી એપ ડાઉનલોડ કરી ઇ-ચલણ જોવા જતાં તેના ખાતામાંથી રૂપિયા ઉપડી ગયા હતા. આવી એપ્લીકેશનો બાબતે સજાગ રહેવા સાઇબર ક્રાઇમ દ્વારા જણાવવામાં આવ્યું છે.

---------------------------------------------------------------------------------------